GUJMIN INDUSTRY ASSOCIATION
2nd Floor, Marble & Mineral Chambers, B/h. D. K. House,
Mithakhali, Ahmedabad - 380 006. (Gujarat) • Tel.Fax : 079 - 26427047
E-mail: gujmin@gmail.com • Web : www.gujaratmineral.org
ESTD. 1962

નં.ગુજમીન/માઇનિંગ ઈસ્યુ/૨૦૨૪/૪૨ તા:૨૬-૦૬-૨૦૨૬

પ્રતિ,

કમિશ્નરશ્રી,

ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતું,

બ્લોક નં. ૧૫, ડો. જીવરાજ મહેતા ભવન,

ગાંધીનગર

વિષય: ઓનલાઈન પોર્ટલ પર પડતી મુશ્કેલીઓ

માનનીય સાહેબશ્રી,

જય ભારત સહ ઉપરોક્ત વિષય પરત્વે વિનંતી સાથે જણાવવાનું કે. ગુજમીન ઈન્ડસ્ટ્રી એસોસિએશન, ખનિજ ઉદ્યોગનું સને ૧૯૬૨ થી ખનિજોના લીઝ ધારકોનું પ્રતિનિધિત્વ ધરાવતુ રાજ્ય સ્તરનું સરકાર માન્ય એસોસિએશન છે. આ ઉદ્યોગ સાથે સંકળાયેલા અમારા સભ્યો તરફથી અમોને માઇનિંગ ઉદ્યોગના વિવિધ પ્રશ્નોની રજૂઆત કરવામાં આવે છે જે અન્વયે રાજ્ય સરકારશ્રીને તેના વ્યાવહારિક નિરાકરણ માટે અમારા અનુભવી હોદેદારો દ્વારા તૈયાર કરી સુચનો સરકારશ્રીમાં રજૂ કરવામાં આવે છે. જે અન્વયે નીચે મુજબના પ્રશ્નની અમારી રજૂઆત અને અમારા સૂચનો ધ્યાને લઈ આપશ્રીને આ અંગે ઘટતું કરવા વિનંતી છે

**(અ)ઓનલાઈન પોર્ટલ પર પડતી મુશ્કેલીઓ**

ઓનલાઈન રોયલ્ટી પાસ પદ્ધતિમાં લીઝધારક દ્વારા સિક્યોરીટી પેપર મેળવી ઓનલાઈન રોયલ્ટી/ડિલિવરી ચલણ પાસ ઈશ્યુ કરવામાં આવે છે. આથી વારંવાર સિક્યુરીટી પેપર મેળવવા કચેરી ખાતે જવું પડે છે જેથી સમય અને નાણાનો વ્યય થાય છે.

**સુચન:**

VTMS જેવી અત્યાધુનિક પદ્ધતિ અમલીકરણ પછી સિક્યુરિટી પેપરના ઉપયોગની કોઈ જરૂરિયાત રહેતી નથી. સિક્યોરીટી પેપરની પ્રથાને બદલે Q.R. કોડ પદ્ધતિ અપનાવવા રજુઆત છે. હાલ ફીમી - કોન્ફરન્સમાં'ઓપરેશનલ ઇમ્પ્રુવમેન્ટ ઈન ઓપન કાસ્ટ માઇન્સ' વિષય પર ચર્ચા કરતા, તેમની શ્રેષ્ઠ પદ્ધતિઓ શેર કરતી વખતે અલ્ટ્રાટેક સિમેન્ટની લાઈમસ્ટોન લીઝની અંદર રોજના ૧૦૦ થી વધુ વાહનો દ્વારા ડીસ્પેચ થવા માટે ઓનલાઈન પોર્ટલ પર સી.જી.એમ. દ્વારા

ડાયરેક્ટ ઓનલાઈન રોયલ્ટી પાસ માટે સિક્યોરીટી પેપરમાંથી મુક્તિ આપવાની પરવાનગી આપવામાં આવેલ છે.

**નોધ:-**

અધિક નિયામકશ્રી (વિકાસ) સી.જી.એમ. ગાંધીનગરના પત્ર તા.૫-૦૯-૨૦૨૨ થી અત્રેની રજુઆત નીતિવિષયક હોઈ યોગ્ય જણાયે વિચારણા કરાશે તેમ જણાવેલ. અગાઉ મીટીંગ માં પણ આ બાબતે યોગ્ય કરવા આશ્વાસન આપેલ છે.આ અંગે યોગ્ય અને ઝડપી કાર્યવાહી હાથ ધરવા વિનંતી.

**(બ)S.T.Q.L. નંબર ઓટો એનકલોઝમેન્ટ કરવા અંગે**

લીઝ હોલ્ડર દ્વારા ઓનલાઈન રોયલ્ટી પાસ જનરેટ કરી S.T.Q.L. નંબર નાખી મોકલવામાં આવે છે. તે રોયલ્ટી પાસનો સ્ટોકીસ્ટ દ્વારા રોયલ્ટી ઓનલાઈન ઓટો એનકલોઝમેન્ટ કરવામાં ન આવે ત્યાં સુધી તે નંબરના ખનિજ ભરેલ વાહનને અમુક સમય માટે બ્લોક કરવામાં આવે છે. જેથી બિનજરૂરી ખર્ચ અને સમયનો વ્યય થાય છે.

**સુચન:**

રોયલ્ટી પાસ સ્ટોકીસ્ટના નામે જનરેટ થતાં તુરત જ રોયલ્ટી પાસના સ્ટોકીસ્ટ દ્વારા ઓટો એનકલોઝમેન્ટ થાય તે મુજબ ઓનલાઈન પોર્ટલમાં સુધારો કરવા રજુઆત છે.

**નોધ:-**

અધિક નિયામકશ્રી (વિકાસ) સી.જી.એમ. ગાંધીનગરના પત્ર તા.૫-૦૯-૨૦૨૨ થી અત્રેની રજુઆત નીતિવિષયક હોઈ યોગ્ય જણાયે વિચારણા કરાશે તેમ જણાવેલ. આ અંગે યોગ્ય અને ઝડપી કાર્યવાહી હાથ ધરવા વિનંતી.

**(ક)જી.પી. એસ. સિસ્ટમની નિષ્ફળતા**

જી.પી.એસ. સીસ્ટમમાં વાહન ખાણ વિસ્તારમાં ઉભુ હોય તો પણ પોર્ટલ ઉપર ૨૫ કિ.મી. દૂર બતાવે છે જેથી રોયલ્ટી પાસ નીકળતા ન હોઈ weak signal વાળા વિસ્તારોમાં વ્યવહારૂ પદ્ધતિ અમલમાં હોવી જોઈએ.

<u>સુચનઃ</u>

આ સંજોગોમાં પોર્ટલમાં યોગ્ય અપગ્રેડેશન કરી આવી પરિસ્થિતિ ઉભી ન થાય તે માટે પોર્ટલને અપગ્રેડ કરવા રજુઆત છે.

ઉપરોક્ત રજૂઆત અંગે ધરતુ થવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

ગુજમીન ઇન્ડસ્ટ્રી એસોસિએશન વતી

સી.એમ.દ્વિવેદી

પ્રમુખ